-:: જાહેર ખબર -::

જા.નં. જકૃયુ/બામવિ/ક-ર સી/જા.ખ./ ૬૨
/૨૬
જૂનાગઢ, તા.૦૬/૦૨/૨૦૨૬

આથી રસ ધરાવતી પાર્ટીઓ/ઈસમોને જણાવવાનું કે, અત્રેનાં બાગાયત મહાવિધાલય હસ્તકનાં ગ્રીનહાઉસ ફાર્મમાં ઈન્ડસ્ટ્રિયલ આર.ઓ.પ્લાન્ટ રીપેરીંગ કામગીરી નીચેની વિગતે કરાવવાની તાત્કાલિક જરૂરીયાત હોય, જેથી આપને પોસાતા ભાવ આ કચેરીની દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫માં મળી જાય તે રીતે બંધ કવરમાં પોસ્ટથી/ કુરિયરથી નીચેની શરતોને આધીન અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આપશ્રીને મોકલવાનાં થતાં ભાવોના કવર ઉપર "ઈન્ડસ્ટ્રિયલ આર.ઓ.પ્લાન્ટ ૫૦૦૦લી. રીપેરીંગ" ના ભાવ તે પ્રમાણે સ્પષ્ટ લખવું.

| ક્રમ | રીપેરીંગ/કામગીરીની વિગત | | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | બાગાયત મહાવિધાલય હસ્તકનાં ગ્રીનહાઉસ ફાર્મમાં ઈન્ડસ્ટ્રિયલ આર.ઓ.પ્લાન્ટ ૫૦૦૦ લી. રીપેરીંગની કામગીરી માલ મજુરી સાથે.<br>• રીપેરીંગ માટે બદલાવવાના પાર્ટ્સની વિગત | | • ભાવ તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે. |
| | મેમરન 80×40 BW high TDS | 5 નંગ | |
| | રોટામીટર 6000 to 15000 | 2 નંગ | |
| | સ્પન કેન્ડલ – 20" (જમ્બો) | 2 નંગ | |
| | બેગ ફિલ્ટર – 20" | 2 નંગ | |
| | પ્રેસર કાંટા – 21 KG | 2 નંગ | |
| | મેમરન જોઈન્ટર | 5 નંગ | |
| | હાઉજીંગ ઢાંકણા (આગળ-પાછળ) | 2 નંગ | |
| | SS પાઈપીંગ ની રીંગો | 4 નંગ | |
| | આર.ઓ. પ્લાન્ટનું જનરલ સર્વિસિંગ, ચેકિંગ અને ટેસ્ટિંગ કરી ચાલુ કરી આપવાનો રહેશે. | | |

<u>ગ્રીનહાઉસ ફાર્મ ખાતે ઇન્ડસ્ટ્રીયલ આર.ઓ. ૫૦૦૦લી. રીપેરીંગ કરવા માટેની શરતો</u>

1. ઇચ્છુક પાર્ટીઓએ સ્થળ પર મુલાકાત લઈ આર.ઓ. પ્લાન્ટની તપાસ કરી, જાહેરાતમાં દર્શાવેલ રીપેરીંગ વિગત મુજબ પોતાનું કોટેશન રજૂ કરવાનું રહેશે. ઇન્ડસ્ટ્રીયલ આર.ઓ. ૫૦૦૦લી. રીપેરીંગનાં ભાવો સ્ટાન્ડર્ડ મટીરીયલના માલ-મજુરી તેમજ તમામ કરવેરા સાથેના ભરવાના રહેશે.
2. કવોટેશન સરકારશ્રીના નિયમોનુસાર ટેક્ષ સાથે ભરવાનો રહેશે.
3. દરેક મટીરીયલ્સ વપરાશ પહેલા અધિકારીશ્રીને બતાવી પછી જ વાપરવું આથી પાછળથી ગુણવતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ.
4. આર.ઓ.રીપેરીંગ કામગીરીમાં જોઈતું દરેક સાધન પાર્ટીએ પોતાનું લાવવાનું રહેશે. ફાર્મમાંથી કોઈ મટીરીયલ્સ/સાધન આપવામાં આવશે નહિ.
5. આર.ઓ. રીપેરીંગ કામગીરીમાં જોઈતી ઈલેકટ્રીસીટી, અધિકારીશ્રી બતાવે તે સ્થળેથી લઈ પાવર વાપરવાનો રહેશે. લાઈન ખેચવા વપરાતા મટીરીયલ્સની જવાબદારી પાર્ટીની રહેશે.
6. દરેક મટીરીયલ્સ સ્ટાન્ડર્ડ કંપની અને ગુણવતાવાળું વાપરવાનું રહેશે.

7. ભાવપત્રક સાથે રૂા.૧૫૦૦/- નો ડી.ડી. **"Junagadh Agricultural University Fund Account, Junagadh"** નો જોડવાનો રહેશે. જે નોન રીફંડેબલ રહેશે.
8. ભાવ પત્રક સાથે ઈ.એમ.ડી. ની રકમ સંભવિત ખર્ચના ૩% લેખે ડી.ડી. **"Principal and Dean College of Horticulture Junagadh Agricultural University, Junagadh"** જોડવાનો રહેશે. જે પાર્ટીના ભાવ માન્ય રહેશે તેને ઓર્ડર આપ્યા બાદ સિકયુરીટી ડીપોઝીટ જમા થયા બાદ ઈ.એમ.ડી. પરત આપી દેવામાં આવશે. જે પાર્ટીના ભાવ વધુ હશે તેને તુરત જ પરત કરી દેવામાં આવશે.
9. રીપેરીંગ કરેલ કામગીરી માટે એક વર્ષની વોરંટી આપવાની રહેશે વોરંટી પીરીયડ દરમ્યાન ફ્રી ઓફ કોસ્ટ રીપેરીંગ કરી આપવાનું રહેશે.
10. સીકયુરીટી ડીપોઝીટ ૫% લેખે વર્ક ઓર્ડર આપ્યાનાં દિવસ-રમાં આપવાની રહેશે. જે એફ.ડી.આર.સ્વરૂપમાં રાષ્ટ્રીયકૃત બેંકની **"Principal and Dean College of Horticulture Junagadh Agricultural University, Junagadh"** ના નામની આપવી જે મુદત પુરી થયે ઓફીસમાં અરજી કરી અને ફાર્મ મેનેજર પાસેથી કોઈલેણું નિકળતું નથી તેનું પ્રમાણપત્ર રજુ કરવાથી વગર વ્યાજે પરત કરવામાં આવશે.
11. જે કંઈ કામમાં વિવાદ થાય તેમાં આચાર્ય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય,જૂ.કૃ.યુ., જૂનાગઢનો નિર્ણય માન્યકર્તા રહેશે.
12. વિવાદમાં કોર્ટનું માધ્યમ જૂનાગઢ કોર્ટ જ માન્ય રહેશે.
13. બિલનું ચુકવણું સરકારશ્રીના નિતિ-નિયમો અનુસાર કામગીરી પૂર્ણ થયે ગુણવતા તપાસી કમીટી રોજકામ કર્યા બાદ જ કરવામાં આવશે.
14. ઓફીસ કામકાજના દિવસોએ જ કામગીરી કરવાની રહેશે. રજાના દિવસોમાં ફાર્મ મેનેજરશ્રીની મંજુરી લઈ કામ ચાલુ રાખી શકાશે. ફાર્મમાં નુકશાની થાય તેની જવાબદારી પાર્ટીની રહેશે.
15. મટીરીયલ્સ સાચવણીની જવાબદારી પાર્ટીની રહેશે.
16. ભાવ મંજુર/ના મંજુર કરવાની સત્તા કમીટીની રહેશે. ચેકચાક થયેલ ભાવ તેમજ શરતી ભાવ રદ કરવામાં આવશે.
17. જો આપની પાર્ટીની રીપેરીંગ અંગેનો અનુભવ ધરાવતી હોય તો, આવેલ સંસ્થાના ઓર્ડર આધાર તરીકે કવોટેશન સાથે સામેલ રાખવા.
18. જે પાર્ટીના ભાવ મંજુર થશે તેમણે ઓર્ડરમાં જણાવેલ મુદતમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.
19. રીપેરીંગ કામગીરી દરમ્યાન પાર્ટીનાં માણસોને કાઈપણ આકસ્મિક બનાવ બને તો તેની જવાબદારી પાર્ટીની રહેશે.
20. બંધ કવર ઉપર "ઈન્ડસ્ટ્રિયલ આર.ઓ.પ્લાન્ટ રીપેરીંગ" ના ભાવ તેમ સ્પષ્ટ દર્શાવવું નહીતર ભાવ ખુલ્લી જવાથી રદબાતલ ગણાશે.

આચાર્ય અને ડીન
બાગાયત મહાવિધાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

<u>નકલ રવાના બહોળી પ્રસિદ્ધિ માટે:-</u>
૧.અત્રેની કચેરીના નોટિસ બોર્ડપર મુકવા સારૂ.
૨. નિયામકશ્રી આઇ.ટી.સેલ જાહેર ખબર પ્રસિધ્ધ કરવા સારૂં.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
## ઈન્ડસ્ટ્રીયલ આર.ઓ. ૫૦૦૦લી. રીપેરીંગ

બાગાયત મહાવિદ્યાલય હસ્તકના ગ્રીનહાઉસ ફાર્મ ખાતે આવેલ ઈન્ડસ્ટ્રીયલ આર.ઓ. ૫૦૦૦લી. રીપેરીંગ કામગીરી કરવાની હોય, આપના ભાવ સીલબંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયા પછી ૧૫ દિવસમાં આર્ચાય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે પોસ્ટ/કુરીયરથી પહોંચતા કરવા. વધુ વિગત માટે જૂ.કૃ.યુ., જૂનાગઢની વેબસાઈટ www.jau.in પરથી મેળવવાની રહેશે.